
# અષ્ટ વિનાયક મંદિર ખાતે ગણેશ જયંતિની ધામધૂમ પૂર્વક ઉજવણી



હિંમતનગર શહેરના હાર્દ સમા વિનાયક નગર વિસ્તારમાં આવેલા અષ્ટવિનાયક ગણપતિ મંદિર ખાતે ગણેશ જયંતિની ઉજવણી માં મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ખૂબ જ મોટી સંખ્યામાં ભાવિ ભક્તો ઉમટી પડ્યા હતા અને દર્શનનો લાહવો લઈ ધન્ય બન્યા હતા

# ખુંખાર દીપડાનો વનવિભાગે વરઘોડો કાઢ્યો હોય તેવો ઘાટ સર્જાયો

## મોડાસના મોરા ગામે પશુઓના શિકાર માટે પેંધો પડેલ દીપડો પોંજરે પુરાયો





મોડાસા, તા. ૧૬

અરવલ્લીની ગિરિમાળાઓને અડીને આવેલ ગામડાઓના રહેણાંક વિસ્તારોમાં ત્રાટકી બકરીઓ અને પશુઓનું મારણ કરતા પશુપાલકો અને લોકોમાં ભારે દહેશત જોવા મળી રહી છે ખૂંખાર દીપડાઓને પાંજરે પુરવા વનવિભાગ તંત્ર ભારે જહેમત ઉઠાવી રહ્યું છે ત્યારે મોડાસાના વણીયાદ ગામ નજીક આવેલા મોરાના જંગલ વિસ્તારમાં દીપડાનો પરિવાર જોવા મળતા લોકોમાં ફફડાટ ફેલાયો હતો વનવિભાગ તંત્રને જાણ કરતા વનવિભાગ ટીમે દીપડાને પાંજરે પુરાવા મારણ સાથે મોરાના જગલમાં પાંજરું મુકતા દીપડો શિકાર કરવાની લાલચ રોકી નહીં શકતા આબાદ પાંજરામાં ફસાયો હતો. પાંજરામાં ફસાયેલા દિપડાએ છૂટવા માટે ભારે ધમપછાડા માર્યા હતા વનવિભાગના ચોકીદારને પંજો મારતા ઈજાઓ પહોંચી હતી દીપડો પાંજરે પૂરતા મોરા સહીત આજુબાજુ પંથકના લોકો બાઈક ટ્રેકટર સહીત વીવીધ વાહનો મારફતે જોવા ઉમટ્યા હતા પાંજરે પુરાયેલ ખૂંખાર દીપડાને ટ્રેકટરમાં મોડાસા ખસેડાતા રસ્તામાં આવતા ગ્રામ્ય વિસ્તારના લોકો પણ રોડ પર ઉમટતા જાણે વનવિભાગ તંત્રએ દીપડાનો વરઘોડો કાઢ્યો હોય તેવા દ્રશ્યો પેદા થયા હતા

મોરાના જંગલમાં દીપડો દેખા દેતા અને મોરા તેમજ નજીકના કુણા ગામે ચાર દિવસમાં ખૂંખાર દીપડો બે બકરાનું મારણ કરતા લોકોમાં ફફડાટ ફેલાયો હતો દીપડાને પાંજરે પુરવા વનવિભાગને જાણ કરતા તંત્રે જંગલ વિસ્તારમાં મારણ સાથે પાંજરું મુકતા આખરે સોમવારે રાત્રે કદાવર દિપડો પાંજરે પુરાતા તોફાન કરવા માંડયો હતો. અને બહાર નીકળવા ખૂંખાર ઘુરકીયા કાઢી ધમ પછાડા કરતાં આજુ બાજુમાં રહેતા લોકો ધસી આવ્યા હતા. દિપડો પાંજરે પુરાયા હોવાના ફોટા ઘડીકવારમાં સોશિયલ મીડિયામાં ફરતા થતા લોકટોળા તેને જોવા માટે ધસી ગયા હતા.જો કે, લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો. સ્થાનિકોએ હજુ પણ બે બાળ દીપડા હોવાનું જણાવ્યું હતું પાંજરે પુરાયેલ દીપડાને ટ્રેકટરમાં મોડાસા ખસેડાતા રોડ પરના ગ્રામ્ય વિસ્તારોમાં લોકો રોડ પર ઉતરી આવ્યા હતા અને વનવિભાગના ટ્રેકટરને અટકાવી દીપડાને જોવા લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા

# ધી સાઠંબા પીપલ્સ કો. ઓપરેટીવ બેંક લી.ની ચૂંટણીમાં પૂર્વ ચેરમેનની પેનલ બિનહરીફ



સાઠંબા તા. ૧૫.

તા.૧૪/૦૨/૨૦૨૧ના રોજ યોજાયેલી 'ધી સાઠંબા પીપલ્સ કો. ઓપરેટીવ બેંક લી.'ની બોર્ડ ઓફ ડિરેકટર્સ ની નવ બેઠકો માટેની ચૂંટણીમાં દસ ઉમેદવારોએ ઝંપલાવ્યું હતું. જેની મત ગણતરી ચૂંટણી પૂર્ણ થયા પછી સાંજે ૫.૦૦ કલાકે રાખવામાં આવી હતી અને પરિણામ સાંજે ૭.૩૦ કલાકે બેંકના મેનેજર શ્રી પ્રકાશભાઈ ઉપાધ્યાય દ્વારા જાહેર કરવામાં આવ્યું હતુ. જેમાં પૂર્વ ચેરમેન વીરેન્દ્ર મોદીની પેનલના તમામ ઉમેદવારો વિજયી થયા છે.

'ધી સાઠંબા પીપલ્સ કો. ઓપરેટીવ બેંક લી.' ની ચૂંટણીમાં વીરેન્દ્ર મોદીની પેનલમાંથી વીરેન્દ્ર મોદી સહિત પૂર્વ ચેરમેન દેવાંગ કટારીયા અને વર્તમાન ચેરમેન જીતેન્દ્રભાઈ શાહ તથા વર્તમાન વાઈસ ચેરમેન ભદ્રેશભાઈ શાહ સહિત વીરેન્દ્ર મોદીની પેનલના તમામ સભ્યોનો વિજય થતાં, બેંકના સભાસદો, વહેપારીઓ તેમજ ગામના અગ્રણી આગેવાનોએ આનંદની લાગણી સાથે અભિનંદન પાઠવ્યા હતા.

# કડોલી ગામમાંથી ખેડૂતના ઘર આગળ ખુલ્લી જગ્યામાં પાર્ક કરેલ ટ્રેક્ટરનું ડાલુ ચોરાયું

હિંમતનગર

બ્યુરો ઓફિસ તા.૧૬

હિંમતનગર સહિત સાબરકાંઠા જિલ્લામાં દિન-પ્રતિદિન વધતા જતાં ચોરીના બનાવોના પગલે પ્રજા ત્રાહિમામ પોકારી ઉઠી છે.ત્યારે સાબરકાંઠા જિલ્લા પોલીસ તંત્ર દ્વારા દિવસે - રાત્રિ દરમિયાન પેટ્રોલિંગ સઘન બનાવી તસ્કરો ઉપર લગામ કસવામાં આવે તેવી લોક માંગ પ્રબળ બની છે. હિંમતનગર તાલુકાના કડોલી ગામમાં રહેતા અને પશુપાલન વ્યવસાય સાથે સંકળાયેલા ખેડૂત શૈલેષકુમાર ડાયાલાલ પટેલે હિન્દુસ્તાન એગ્રો કંપનીનું લીલા કલરનું ટ્રેલર નં- જી.જે.યુ.૭૦૩૩ કિં.રૂ. ૪૦૦૦૦/- નું ઘર આગળ ખુલ્લી જગ્યામાં પાર્ક કર્યું હતું જે ટ્રેલર ગતરોજ તારીખ ૧૩-૦૨-૨૦૨૧ થી તારીખ ૧૪-૦૨-૨૦૨૧ ના કોઈપણ સમયગાળા દરમિયાન કોઈ ચોર ઈસમોએ અન્ય ટ્રેક્ટર લઈ આવી ટ્રેલરને જોઈન્ટ કરી ફરાર થઈ જતા ટ્રેક્ટર માલિકે હિંમતનગર ગ્રામ્ય પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# શ્રી રામ જન્મભૂમિ મંદિર નિર્માણ નિધિ સમર્પણ



હિંમતનગર તા.૧૬

અભિયાન અંતર્ગત ગલોડીયા ના સ્વ શ્રી હરકિસન દાસ(બાબુ કાકા) દામોદરદાસ જોષીના નામે રુ ૫૧૦૦૦(એકાવન હજાર) નો ચેક તેમના પુત્ર પૂર્વ સા.કાં જીલ્લા મહામંત્રી ભાજપ અશોકભાઈ જોષી અને જિગ્નેશભાઈ જોશી એ ભારતીય કીસાન સંઘ ના પ્રદેશ મહામંત્રી બાબુભાઈ કે.પટેલ જનકભાઈ જોશી.વક્તાભાઈ પટેલ.અમૃતભાઈ પટેલ. ઉપખંડ સંયોજક વિઠ્ઠલભાઈ પટેલને નિધિનો ચેક સમર્પણ કર્યો ખેડબ્રહ્મા તાલુકા કાર્યવાહ વિક્રમભાઈ વાઘેલા સહયોગમા રહ્યા હતા.

## સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી વચ્ચે !

# ઈડરથી અમદાવાદ તરફ સેન્ટ્રો ગાડીમાં લઈ જવાતા દારૂના જથ્થા સાથે અમરેલીના શખ્સની ધરપકડ કરાઈ

હિંમતનગર (બ્યુરો ઓફિસ) તા.૧૬

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈને તમામ રાજકીય પક્ષો દ્વારા પ્રચાર પ્રસાર શરૂ કરવામાં આવ્યો છે ભૂતકાળમાં કેટલાક રાજકીય પક્ષોના ઉમેદવારો દ્વારા ચૂંટણી સમયે મતદારો પાસેથી મતો પોતાના નામે અંકિત કરવા દેશી તથા વિદેશી દારૂ પીરસવામાં આવ્યો હોય એવા અનેક કિસ્સાઓ અખબારોમાં પ્રસિદ્ધ થઈ ચૂકયા છે ત્યારે જિલ્લા વહીવટીતંત્ર દ્વારા દારૂની હેરાફેરી અટકાવવા અંગે સુચના કરેલી હોવાથી પોલીસે પણ જાણે કમર કસી હોય તેમ રોજ - બરોજ વિદેશી દારૂનો જથ્થાબંધ મુદ્દામાલ ઝડપી પાડવાના કેસો પોલીસ દફતરે



નોંધાઈ રહયા છે જેમાં ગત રોજ સોમવારે સાબરકાંઠા એલસીબી પોલીસે પેટ્રોલિંગ દરમિયાન મળેલી બાતમીના આધારે ઈડરના રેવાસ અને કાનપુર વચ્ચે ભેસકા નદીના પુલ પરથી ઈડર થી અમદાવાદ તરફ સેન્ટ્રો ગાડીમાં લઈ જવાતા વિદેશી દારૂના જથ્થા સાથે અમરેલીના શખ્સની ધરપકડ કરી કુલ રૂ. ૨,૫૯,૯૬૦/- નો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે

પોલીસ સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી માહિતી અનુસાર ગતરોજ સોમવારે સાબરકાંઠા એલસીબી પોલીસ સ્ટાફ ઈડર પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ કરી રહ્યા હતા દરમિયાન બાતમીના મળી હતી કે,

**વિદેશી દારૂની બોટલ નંગ- ૧૦૦ કિં રૂ. ૫૯,૯૬૦/- તથા ગાડી કિ.રૂ. ૨૦૦૦૦૦/- મળી કુલ રૂ. ૨૫૯૯૬૦/- નો મુદ્દામાલ પોલીસે કબજે કર્યો**

એક ગ્રે કલરની હુંડાઈ કંપનીની સેન્ટ્રો ગાડી નં- જી.જે.૧૨.એ.કે.૦૮૧૩ ની ગાડી ની ડીકી માં વિદેશી દારૂ ભરી ઈડર થઈ અમદાવાદ તરફ જવા નીકળેલ છે જેને પગલે એલસીબી પોલીસે રેવાસ અને કાનપુર વચ્ચે ભેસકા નદીના પુલ પર રોડ બ્લોક કરી ઉપરોક્ત ગાડી ઉભી રાખીને ચાલકની પૂછપરછ હાથ ધરી હતી અને ગાડીની ડીકીમાં તપાસ હાથ ધરતા વિદેશી દારૂની બોટલ નંગ- ૧૦૦ કિં.રૂ. ૫૯,૯૬૦/- મળી આવી હતી દરમિયાન પોલીસે વિદેશી દારૂની બોટલ નંગ- ૧૦૦ કિં રૂ. ૫૯,૯૬૦/- તથા ગાડી કિ.રૂ. ૨૦૦૦૦૦/- મળી કુલ રૂ. ૨૫૯૯૬૦/- નો મુદ્દામાલ પોલીસે કબજે કરી ગાડીના ચાલક હાર્દિક વિનોદરાય માધવાણી ઉ.વ.૩૦ રહે. બ્લોક નંબર ૧૦૮ માધવ કોમ્પલેક્ષ , માણેકપુરા સ્વામિનારાયણ મંદિરની બાજુમાં તા-જી - અમરેલી હાલ રહે. સાયન્સ સીટી , શ્યામ સ્પર્શ સોસાયટી , સોલા અમદાવાદ ને જેલના સળિયા પાછળ ધકેલી દઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે

# બનાસ મેડીકલ કોલેજ દ્વારા રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમ

પાલનપુર, તા. ૧૬

બનાસ ડેરીના આદ્ય સ્થાપક અને બનાસના ગાંધી એવા સ્વ.ગલબાભાઈ





નાનજીભાઈ પટેલની ૧૦૩મી જન્મજયંતી પ્રસંગે બનાસ ડેરી પ્રેરિત ગલબાભાઈ નાનજીભાઈ પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત બનાસ મેડીકલ કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન થયું હતું.

બનાસ મેડીકલ કોલેજના પ્રણેતા અને આદ્ય સ્થાપક, બનાસ ડેરીના ચેરમેન શ્રી. શંકરભાઈ ચૌધરીના અધ્યક્ષ સ્થાને યોજાયેલા ભવ્ય રંગારંગ કાર્યક્રમમાં કોલેજના વિદ્યાર્થી ભાઈ-બહેનોએ ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરતી વિવિધ ઝાંખીઓ રજુ કરીને દર્શકોને મંત્રમુગ્ધ કર્યા હતા. તેમણે સ્વ.ગલબાકાકાના જીવનને ઉજાગર કરતુ નાટક ''આપણા ગલબાભાઈ'' પ્રસ્તુત કરીને નવી પેઢીને પણ સ્વ.ગલબાકાકાના સાદગી સભર જીવનનો પરિચય આપ્યો હતો. એટલું જ નહિ કેવા વિપરીત સંજોગોમાં પણ ગલબાકાકાએ બનાસ ડેરીની સ્થાપના કરીને જીલ્લાના પશુપાલકો અને ખેડૂતોને સુખીયારા બનાવ્યા હતા તેનો સમગ્ર ચિતાર રજુ કર્યો હતો.

આ પ્રસંગે ચેરમેન શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે બનાસ મેડીકલ કોલેજ એ ભારતની પ્રથમ એવી મેડીકલ કોલેજ છે કે જેના માલિકો જિલ્લાના દૂધ ઉત્પાદકો અને પશુપાલકો છે. પાછલા પાંચ-સાત વર્ષ પહેલાં બનાસકાંઠા જેવા છેવાડાના જિલ્લામાં કોઈ ડોકટર આવવા તૈયાર ન હતા, તે સંજોગોમાં સરકારશ્રીએ દોઢ ગણો પગાર આપીને અહી ડોકટર્સ મોકલવાનું શરુ કર્યું હતું. પરંતુ જિલ્લાના લોકોને અપૂરતી અને યોગ્ય સારવારને અભાવે પ્રાણ ગુમાવવાનો વારો આવ્યો હતો ત્યારે મેડીકલ સેવાના કાયમી ઉકેલ સ્વરૂપે આપણે મેડીકલ કોલેજની સ્થાપના કરીને અહીજ મલ્ટી-સ્પેશયાલીસ્ટ હોસ્પિટલ ઉભી કરવાનું નક્કી કર્યું, જેને પરિણામે આજે કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓ પૈકી ૫૦% વિદ્યાર્થી આપણા જ જિલ્લાના વિદ્યાર્થી છે જેનો લાભ જિલ્લાવાસીઓને મળશે. તેમણે જણાવ્યું કે સ્વ.ગલબાકાકાનું અપૂરતી મેડીકલ સેવાઓને કારણે અવસાન થયેલું, આજે તેમના જ નામે મેડીકલ કોલેજ અને હોસ્પિટલ ઉભી કરીને તેમને





સાચી શ્રદ્ધાંજલિ આપી શક્યા છીએ. તેમનો આત્મા પણ બનાસના પશુપાલકોને આશીર્વાદ આપતો હશે. સ્વ.ગલબાકાકાને સાચી શ્રદ્ધાંજલિ આપવાનું પોતાનું સ્વપ્ન સાકાર થયાનો સંતોષ વ્યક્ત કરતા ચેરમેન શ્રી એ ઉમેર્યું હતું કે જિલ્લાના તમામ પશુપાલકોને હેલ્થ કાર્ડ આપીને તેમને નિઃશુલ્ક સારવાર મળે તે માટે જિલ્લામાં બે મોટી હોસ્પિટલ ઉભી કરવાનો નિર્ણય ગ.ના.પટેલ ચેરીટેબલ ટ્રસ્ટે લીધો છે. તેથી બનાસ ડેરી માત્ર પશુપાલન કે ડેરી ઉદ્યોગ તરીકે જ નહિ પણ આરોગ્ય ક્ષેત્રે પણ આપણો જીલ્લો પંકાશે. તેમણે વિશ્વમાં ઉદાહરણરૂપ એર એમ્બ્યુલન્સની સેવા શરુ કરવાનો પણ નિર્ધાર વ્યક્ત કરીને આકસ્મિક સંજોગોમાં કોઈનો જીવ બચે તે માટેની પણ પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. જિલ્લાવાસીઓમાટે પોતાની સંવેદના વ્યક્ત કરતા તેમણે જણાવ્યું કે પોતાના માટે તો સૌ જીવે પણ પરમાર્થ માટે જીવી જાણીએ એજ સ્વ.ગલબાકાકાના જીવનનો નિચોડ હતો અને તેમને પગલે પગલે સૌ આગેવાનો પણ ચીલો ચાતરે તેવી અપેક્ષા સેવી હતી.

કાર્યક્રમમાં ઉપસ્થિતિ જિલ્લાના સાંસદ શ્રી પરબતભાઈ પટેલે જણાવ્યું હતું કે બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના નેતૃત્વમાં બનાસ ડેરી જે રીતે પ્રગતિના પંથે જઈ રહી છે તે જોતા સમગ્ર વિશ્વની નજર બનાસ ડેરી તરફ મંડાણી છે. તેમણે જણાવ્યું કે સ્વ.ગલબાકાકાએ ડેરીની સ્થાપના કરીને જિલ્લાવાસીઓ માટે ઘર આંગણે આર્થિક ઉન્નતિના દ્વાર ખોલ્યા છે. એક જમાનામાં દૂધ વેચવું એ પુત્ર વેચવા બરાબર ગણાતું હતું, તેવા વિપરીત સંજોગોમાં પણ ગલબાકાકાએ ડેરીની સ્થાપના કરીને જિલ્લાવાસીઓને આત્મનિર્ભર બનાવ્યા છે. ખેડૂતો અને પશુપાલકોની આવક બમણી થઈ રહી છે અને આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનું સપનું સાકાર થઈ રહ્યું છે. તેમણે ઉમેર્યું કે ચાલુ વર્ષે મેડીકલ કોલેજના એડમિશનમાં ૭૫ દીકરા-દીકરી બનાસકાંઠાના આવ્યા છે જે આપણા જિલ્લામાટે ગૌરવનો વિષય છે અને આજ સ્વ.ગલબાકાકાને સાચી શ્રદ્ધાંજલિ ગણાશે.

# લાલોડા સાયન્સ કોલેજ દ્વારા ઈડરીયા ગઢ ઉપર ચડાણ - ઉતરણ સ્પર્ધા યોજાઈ

નેત્રામલી, તા. ૧૬

ઈડરના લાલોડા ખાતે આવેલી સાયન્સ કોલેજ ના વિધાર્થીઓ દ્વારા તારીખ ૧૩/૨/૨૧ ના રોજ ઈડરીયા ગઢ ઉપર ચડાણ - ઉતરણ સ્પધો નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કોલેજ ના વિધાર્થીઓએ ખૂબજ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. પ્રથમ નંબરે કોદરવી નિલેશ, દ્વિતીય નંબરે પ્રજાપતિ હર્ષ આને તૃતીય નંબરે ભૂવળ વિશાલ વિજેતા થયા હતા.



બહેનોના ગૃપમા ફેરા ગીતા, દ્વિતિય નંબર પટેલ મેશ્વા આને તૃતીય નંબરે પટેલ પૂજા વિજેતા થયું હતા. કોલેજના આચાર્ય પ્રજ્ઞાબેન વાઢેર , કો.ઓર્ડીનેટર છે.પી દલવાડી , ખેલકૂદ ઈન્ચાર્જ એસ.જી.રાઠવા તેમજ શૈક્ષણિક સ્ટાફ દ્વારા સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું અને વિજેતા ખેલાડીઓને શુભેચ્છાઓ પાઠવી હતી.

## જાણે કે મૃત્યુ પણ શરમાઈ ગયું...

# બાયડના ઈશ્વરભાઈ મિસ્ત્રીનું ૯૭ વર્ષે અવસાન : ડી.જે.ના તાલે અંતિમ યાત્રા નીકળી

બાયડ (બ્યુરો ઓફિસ) તા. ૧૬

બાયડ ગામને ૭૦ વર્ષથી કર્મભૂમિ બનાવનાર ઈશ્વરલાલ જાંગીડ (મિસ્ત્રી)નું ૯૭ વર્ષની જૈફ વયે વસંત પંચમીના દિવસે અવસાન થતાં પરિવારજનોએ કુટુંબના મોભીના મોતને કુદરતનો શિરસ્તો હોવાનું સ્વીકારી વાજતે ગાજતે ડી.જે.ના તાલે અંતિમ યાત્રા નીકળવામાં આવી ત્યારે જાણે કે મૃત્યુ પણ શરમાયું હશે તેવું કહેવું જરા પણ અતિશયોક્તિ ભર્યું નથી.



રોજગારી માટે બાયડ આવેલા રાજસ્થાની પરિવારે પોતાના સંતાનોના સારા ભવિષ્ય માટે દિવસ રાત મહેનત કરી. ઈશ્વરલાલ મિસ્ત્રીની સીમિત આવક પરંતુ જીવ બહુ ઉદાર, ઘરના આંગણે આવેલ કોઈ ભૂખ્યો ન જાય... પારકાની પીડા જોઈ દ્રવી ઉઠતાં અને શક્ય મદદ કરતાં પુત્રો, બાબુભાઈ, દિલીપભાઈ, રમેશભાઈ શર્મા પણ પોતાના ધંધો રાજગાર શરૂ કરી પગભર બન્યા. દીકરા અને તેમના પરિવારના સુખથી તેઓ ભગવાનનો ઉપકાર માનતા. સાદગીભર્યું જીવન તેમની ઓળખ હતી. ૯૭ વર્ષની વયે તેઓએ અનંતની વાટ પકડી... દીર્ઘ આયુષ્યમાં તેઓ સૌના પ્રિય રહ્યા પરિવારે 'દાદા'ની અંતિમ વિદાયને પાદગાર બનાવવા ડી.જે. ના તાલે અંતિમ યાત્રા નીકળવામાં આવી ત્યારે ઈશ્વરદાદાના સ્નેહીઓ તેમાં મોટી સંખ્યામાં જોડાયા હતા.